ખોડિયાર નગરથી સુપર બેકરી સુધી તંત્રની લાલ આંખ

# વડોદરા પાલિકાનો 'દબાણ હટાવો' સપાટોઃ 2 ટ્રક સામાન જપ્ત કરાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરને દબાણમુક્ત અને સ્વચ્છ બનાવવાના અભિયાન હેઠળ વડોદરા મહાનગર સેવા સદન દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક અને અવરજવરમાં અડચણરૂપ બનતા હંગામી દબાણો સામે પાલિકાના તંત્રે લાલ આંખ કરી છે, જેના ભાગરૂપે આજે પૂર્વ વિસ્તારમાં સપાટો બોલાવવામાં આવ્યો હતો. પાલિકા તંત્ર દ્વારા શહેરભરમાં હાલમાં રોડ-રસ્તાની સફાઈ અને સુશોભીકરણનું વિશેષ અભિયાન ચાલી રહ્યું છે. આ કામગીરી અંતર્ગત શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ખોડિયાર નગરથી લઈને સુપર બેકરી સુધીના મુખ્ય માર્ગ પર દબાણ શાખાની ટીમ ત્રાટકી હતી. માર્ગની બંને બાજુએ ફૂટપાથ અને જાહેર રસ્તા પર પથરાયેલા લારી-ગલ્લા, હોર્ડિંગ્સ અને અન્ય કાચા-પાકા હંગામી દબાણોને કારણે વાહન ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. પાલિકાની દબાણ શાખાએ આ વિસ્તારમાં કાર્યવાહી કરતા રસ્તાની બંને બાજુથી તમામ હંગામી દબાણો હટાવી દીધા હતા. આ કામગીરી દરમિયાન તંત્ર દ્વારા અંદાજે બે ટ્રક જેટલો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. પાલિકાની આ આકસ્મિક કાર્યવાહીથી દબાણકર્તાઓમાં ફાળ પડી ગઈ હતી. ખોડિયાર નગર અને તેની આસપાસના વિસ્તારોમાં દબાણોને કારણે સતત ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ સફાઈ અભિયાન બાદ રસ્તાઓ મોકળા બન્યા છે.

આરોપીઓ પાસેથી કબજે કરેલા મોબાઈલમાંથી ડિટેલ્સ કઢાવાશે

# બૂટલેગર સુનિલ ઉર્ફે અદા સહિત ત્રણ આરોપીના બે દિ'ના રિમાન્ડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરાના નંદેસરી વિસ્તારમાં થયેલા 43 લાખના દારૂ કૌભાંડમાં વોન્ટેડ આરોપી સુનિલ ઉર્ફે અદા સહિત ત્રણ આરોપીને સ્ટેટ મોનીટરીંગ સેલે હરિયાણાથી ઝડપી પાડી કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં કોર્ટે તેમના બે દિવસના પોલીસ રિમાન્ડ પર મંજૂર કર્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સખત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પીઆઈ બી.એચ. રાઠોડની આગેવાની હેઠળની ટીમે લાંબા સમયથી ફરાર રહેલા સુનિલ ઉર્ફે અદા પ્રકાશ કેવલરામાણી, પલકેશ ઉર્ફે પલ્લી કિશનચંદ ધામેચા અને સંજય ઉર્ફે અન્નો કિશોરસિંહ સિંહને હરિયાણાના રેવાડી ખાતે આવેલા ફ્લેટમાંથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓને 15 એપ્રિલના રોજ ધરપકડ કરીને વડોદરા લાવવામાં આવ્યા હતા. તેમની પાસેથી ત્રણ મોબાઈલ ફોન ઉપરાંત બે કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. SMC દ્વારા આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને 10 દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, પરંતુ કોર્ટે પ્રાથમિક તબક્કે માત્ર બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ઉલ્લેખનીય છે કે 29 માર્ચે નંદેસરી વિસ્તારમાં SMCએ દરોડા પાડી 43 લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂ, 8 વાહનો, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ 1.40 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કેસમાં અત્યાર સુધી 6 આરોપીઓ ઝડપાઈ ચૂક્યા છે, જ્યારે તાજેતરમાં વધુ 3 આરોપીઓની ધરપકડ સાથે પણ લાલુ સિંધી સહિત હજુ 8 આરોપીઓ ફરાર હોવાનું પોલીસ સૂત્રો જણાવે છે.

બહાર કાઢવા બીજા ટ્રકથી ધક્કા મારવા પડ્યા

# બાપોદમાં લાઈન લીકેજ માટે ખોદાયેલા ખાડામાં ટેમ્પો ફસાયો



(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા મહાનગર પાલિકા તંત્રની ફરી બેદરકારી સામે આવી છે. શહેરના પૂર્વ વિસ્તારના બાપોદ દ્વારકા નગરી પાસે પાણીની લાઈન લીકેજ થયા બાદ ચેક કરવા માટે ખોદાયેલો ખાડો યોગ્ય રીતે પૂરવામાં નહીં આવતા ત્યાંથી પસાર થઈ રહેલો એક ટેમ્પો ખાડામાં ફસાઈ ગયો હતો. જેને બહાર કાઢવા માટે ચાલકને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

વડોદરા શહેરના રોડ રસ્તાના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર છે તે સૌ કોઈ જાણે છે. વરસાદ ટાણે શહેરના રાજમાર્ગો પર પડતા ભુવા અને ગરમીમાં માર્ગો પર ઉખડતો ડામર ભ્રષ્ટાચારની ચાડી ખાઈ છે. શહેરમાં વિકાસના નામે આડેધડ ખાડા ખોદયા બાદ યોગ્ય પુરાણ કરવામાં આળસ કરવામાં આવતા લોકોને વારંવાર મુશ્કેલીઓ પડી રહી છે. હાલ, શહેરની હાલત દિન પ્રતિદિન બદથી બદતર થઈ રહી છે. પાલિકાના વહીવટી બોર્ડ નંબર નવમાં બાપોદ દ્વારકા નગરી પાસે પાણી પુરવઠા શાખાની ઘોર બેદરકારી સામે આવી છે. છેલ્લા દસ દિવસથી લાઈન લીકેજ હોવાથી ચેક કરવા માટે ખોદાયેલો ખાડો યોગ્ય રીતે પૂરવામાં આવ્યો ન હતો. સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં પણ અધિકારીઓ કોઈ કાર્યવાહી નહીં કરતા આજે ટેમ્પોના ટાયર ખાડામાં બેસી જતા ટેમ્પો ફસાઈ ગયો હતો. સ્થાનિકોમાં પાલિકાની કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે સમયસર ખાડો પુરાયો હોત તો આવી ઘટના ટળી શકી હોત. જ્યારે ખાડામાં ફસાયેલા ટેમ્પોને અન્ય એક ટ્રક મારફતે ધક્કો મારી બહાર કાઢવાની ફરજ પડી હતી.

સાળા, બનેવી અને ભાણીયા પર હુમલો

# વાઘોડિયા રોડ પર લાઈટો બંધ કરી જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વાઘોડિયા રોડ પર આવેલા હીરાભાનગર ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટમા બોલ ધીમે નાખવાની કોમેન્ટ કરતા હારી રહેલી ટીમ ઉશ્કેરાઈ ગઈ હતી. ત્યારબાદ ગ્રાઉન્ડની લાઈટો બંધ કરી અંધારામાં સામેની ટીમના કેપ્ટન તેના બનેવી અને ભાણેજ પર લોખંડના પાઈપથી હુમલો કરવામાં આવ્યો હતો. ઘવાયેલા લોકોને તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. વડોદરા શહેરના ચાંપાનેર દરવાજા વિસ્તાર પાસે રહેતા ચિરાગ ઉર્ફે ધર્મેશભાઈ કિશોરભાઈ કહારે નોંધાવેલી ફરિયાદ મુજબ 15 એપ્રિલ 2026ના રોજ વાઘોડિયા રોડ પર આવેલા હીરાભાનગર ગ્રાઉન્ડ ખાતે કાલ ભેરવ અને દ્વારકાધીશ-11 ટીમ વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. ચિરાગ કહાર પોતાની ટીમના કેપ્ટન તરીકે રમવા માટે હાજર હતા. મેચ દરમિયાન કાલ ભેરવ ટીમે વિરોધી ટીમને માત્ર 35 રનમાં ઓલઆઉટ કરી જીત તરફ આગળ વધી રહી હતી. આ દરમિયાન ચિરાગના બનેવી નરેશ ઉર્ફે લાલી દ્વારા કરાયેલી કોમેન્ટને લઈ બંને પક્ષો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી, જે થોડી જ વારમાં ઉગ્ર બની ગઈ હતી. આ દરમિયાન સામેવાળી ટીમના લોકોએ અચાનક ગ્રાઉન્ડની લાઈટો બંધ કરી દેતાં અંધારુ છવાતા અંધારાનો લાભ લઈ કરસન રબારી,હર્ષદ ભરવાડ તથા રીતુ નામના વ્યક્તિએ લોખંડના પાઈપથી ચિરાગ કહારના માથામાં લોખંડના પાઈપથી હુમલો કર્યો હતો. ચિરાગ કહાને છોડાવવા વચ્ચે પડવા આવેલા નરેશ ઉર્ફે લાલી તથા ચિરાગના ભાણિયા હર્ષ નરેશ કહારને ફટકો મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ગ્રાઉન્ડ પર ભારે હોબાળો નથી જતા આસપાસના લોકોનું ટોળું ભેગું થઈ ગયુ હતુ. જેમા હુમલાખોરો સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. હુમલામાં ગવાયેલા શાળા બનેવી અને ભાણિયાને હોસ્પિટલ ખાતે ખસેડાય હતાં.

# ગ્રામ સેવક વર્ગ-3ની જગ્યાઓ પર સીધી ભરતી માટે અરજીઓ મંગાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા પંચાયત સેવાની ગ્રામ સેવક વર્ગ-3ની કુલ 500 જગ્યાઓ પર સીધી ભરતી માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આ ભરતી માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા 16 એપ્રિલથી શરૂ થઈ ગઈ છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા પંચાયત સેવાની ગ્રામ સેવક વર્ગ-3ની કુલ 500 જગ્યાઓ પર સીધી ભરતી માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આ ભરતી માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા આજે એટલે કે 16 એપ્રિલથી શરૂ થઈ ગઈ છે, જે 7 મે 2026 રાત્રે 11:59 સુધી ચાલશે. ચાલો હવે જાણીએ કે, આ ભરતીમાં રસ ધરાવતા ઉમેદવારો ક્યાંથી અને કેવી રીતે અરજી કરી શકે છે અને પસંદગી થયા પછી ઉમેદવારને કેટલો પગાર મળશે.

બે એજન્ટે 5 નાઇટ-6 દિવસના પેકેજની લાલચ આપી રૂપિયા 1.32 લાખ પડાવ્યા

# દુબઈ ટૂરમાં મોકલવાના બહાને ડભોઈની કોલેજના કેમ્પસ ડાયરેક્ટર સાથે ઠગાઈ

અગાઉ પણ કે.સી. હોલીડેઝના એજન્ટો દ્વારા અનેક લોકોને છેતરવામાં આવ્યા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.16

દુબઈ ટૂર પેકેજના નામે માંજલપુરમાં રહેતા અને ડભોઈની ડાયરેક્ટર સાથે રૂ.1.32 લાખ બે ઠગ એજન્ટ દ્વારા છેતરપિંડી આચરવામાં આવી છે.એજન્ટોએ દુબઈ માટે પાંચ રાત અને છ દિવસના પેકેજની ઓફર આપી પરંતુ કોઈ વ્યવસ્થા ન કરી આપી ફોન પણ ઉપાડવાનો બંધ કરી દીધું હતું. માંજલપુરમાં આવેલા ઓમકાર દર્શન ફ્લેટમાં રહેતા ચિરાગકુમાર હસમુખભાઈ પટેલ (ઉંમર 42), જે ડભોઈ ખાતે આવેલી કોલેજમાં કેમ્પસ ડાયરેક્ટર તરીકે નોકરી કરે છે, તેમણે કે.સી. હોલીડેઝના માલિક અને એજન્ટ વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ મે-2025 દરમિયાન તેમનો તેના મિત્ર દ્વારા કે.સી. હોલીડેઝ નામની ટ્રાવેલ એજન્સીનો સંપર્ક થયો હતો. એજન્સીના એજન્ટોએ દુબઈ માટે પાંચ રાત અને છ દિવસના પેકેજની ઓફર આપી હતી.

જેમાં પ્રતિ વ્યક્તિ રૂ.44 હજાર મુજબ ત્રણ સભ્યો માટે રૂ.1.32 લાખ ચૂકવવા જણાવ્યું હતું. ડાયરેક્ટરે શરૂઆતમાં આંગડિયા મારફતે રૂપિયા મોકલવાની ના પાડી હતી છતાં બાદમાં 03 મે 2025ના રોજ વડોદરાથી આંગડિયા મારફતે રૂ.1.32 લાખ ટ્રાન્સફર કર્યા હતા. એજન્સી તરફથી એક અઠવાડિયામાં ટિકિટ મળી જશે તેવી ખાતરી આપવામાં આવી હતી. પરંતુ આ એજન્ટો એ દુબઈ મોકલવા માટેની કોઈ પ્રોસેસ કરી ન હતી દરમિયાન પ્રવાસની તારીખ નજીક આવતા તેમણે એજન્ટનો સંપર્ક કર્યો હતો ત્યારે આરોપીઓના ફોન બંધ આવવા લાગ્યા હતા.

દરમિયાન તેમણે તપાસ કરતા કે.સી. હોલીડેઝ દ્વારા અનેક લોકોને છેતરવામાં આવ્યા હોવાની જાણ થઈ હતી.

આરોપીઓએ ન તો ભાઈના હોલીડે પેકેજની કોઈ વ્યવસ્થા ન કરી આપી અને રૂપિયા પૈસા પરત આપતો ન હતો. માંજલપુર પોલીસે કોલેજ કેમ્પસ ના ડાયરેક્ટરની ફરિયાદના આધારે કેસી હોલીડેઝના બંને એજન્ટોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

1824 હથિયારો જમા લેવામાં આવ્યા

# વડોદરા પોલીસની આદર્શ આચાર સંહિતાનો અમલ કરાવવા કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા મહાનગર પાલિકાની સ્થાનિક સ્વરાજ સંસ્થાની સામાન્ય ચુંટણી 26 એપ્રિલ 2026ના રોજ યોજાવાની છે. ચુંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ, નિષ્પક્ષ અને મુક્ત માહોલમાં પૂર્ણ થાય માટે વડોદરા શહેર પોલીસ દ્વારા આદર્શ આચાર સંહિતાનું કડક પાલન કરાવવામાં આવી રહ્યું છે. પોલીસ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ 1થી 16 એપ્રિલ દરમિયાન શહેરમાં વિવિધ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેરમાં 2364 હથિયાર પરવાના ધારકોમાંથી 1824 હથિયારો જમા લેવામાં આવ્યા છે. જ્યારે બેંક સિક્યુરિટી ગાર્ડ અને સ્પોર્ટ્સ એકેડેમી ધારકો સહિત 506 લોકોને મુક્તિ આપવામાં આવી છે. આમ કુલ મળીને 98 ટકા હથિયારો જમા કરાવવામાં આવ્યા છે. પ્રોહિબિશન એક્ટ હેઠળ 585 કેસ નોંધાયા છે. જેમાં 1617 લીટર દેશી દારૂ અને 6308 બોટલ વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમ્યાન રૂ. 58.87 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. ચુંટણી જાહેર થયા બાદ અદાલતમાં હાજર ન રહેતા આરોપીઓ વિરૂદ્ધ ઈસ્યુ થયેલા 1139 બિન જામીન લાયક વોરંટમાંથી 87 ટકા વોરંટની બજવણી કરવામાં આવી છે. શહેરમાં શાંતિ જળવાઈ રહે તેના માટે 654 માથાભારે તત્વો સામે ગુજરાત પોલીસ એક્ટ અને પાસા એક્ટ હેઠળ અટકાયતી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં તડિપાર સહિત 22 લોકો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં 11 ચેકપોસ્ટ પર સઘન વાહન ચેકિંગ હાથ ધરાયું છે. આ દરમ્યાન 10,170 વાહનો ચેક કરવામાં આવ્યા છે, જેમાંથી 71 ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના કેસ નોંધાયા છે અને 228 વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે.

ચાર મહિનાથી લાઈન લીકેજ હોવા છતાં અધિકારીઓ અજાણ

# તંત્રના પાપે સેવાસી રોડ પર હજારો લીટર પાણી ગટરમાં વહી ગયુ!



(પ્રતિનિધિ) વડોદરા તા.16

એક તરફ કાળઝાળ ગરમીની શરૂઆત સાથે જ અનેક વિસ્તારોમાં પીવાના પાણી માટે બૂમરાણ મચી રહી છે, ત્યારે બીજી તરફ વડોદરાના સેવાસી રોડ પર તંત્રની ઘોર બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે. અહીં પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર ચોખ્ખું પાણી રસ્તા પર વહીને ગટરમાં જઈ રહ્યું છે. સેવાસી રોડ પર આવેલા તળાવની બિલકુલ સામે જ પાણીની પાઈપલાઈનમાં મોટું ભંગાણ પડ્યું છે. આ લીકેજ એટલું ગંભીર છે કે રસ્તા પર પાણીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. ચોંકાવનારી વાત એ છે કે છેલ્લા ચાર મહિનાથી આ પરિસ્થિતિ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. આ વેડફાઈ રહેલા પાણીમાં લોકો રસ્તા પર જ નાહવા અને કપડાં ધોવા માટે મજબૂર બન્યા છે, જ્યારે બીજી તરફ શહેરના અનેક નાગરિકો ટીપે ટીપે પાણી માટે તરસી રહ્યા છે. આ ઘટનાની જાણ થતા સામાજિક કાર્યકર સ્થળ પર પહોંચ્યા હતા અને તંત્રની નિષ્કાળજી સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, એક બાજુ વડાપ્રધાન અને મુખ્યમંત્રી પાણી બચાવવા માટે વિવિધ અભિયાનો ચલાવી રહ્યા છે, ત્યારે વડોદરાના અધિકારીઓની લાપરવાહીને કારણે પીવાનું કિંમતી પાણી ગટરમાં વહી રહ્યું છે. સ્થાનિકોમાં પણ આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉનાળાની શરૂઆતમાં જ જો આ પ્રકારે પાણીનો વેડફાટ થતો રહેશે, તો આગામી દિવસોમાં પાણીની કટોકટી વધુ ઘેરી બનવાની ભીતિ સેવાઈ રહી છે. સામાજિક કાર્યકર દ્વારા માંગ કરવામાં આવી છે કે વડોદરા કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ તાત્કાલિક આ લીકેજ બંધ કરાવે અને પાણીનો બગાડ કરનારા જવાબદારો સામે કડક પગલાં ભરે.

રેલ્વે ક્રોસિંગ નં. 12 સમારકામ માટે બંધ રહેશે

# પિલોલ-સમલાયા વચ્ચેનું ક્રોસિંગ 8 દિવસ બંધ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.16

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝન હેઠળ પિલોલ અને સમલાયા સ્ટેશનો વચ્ચે આવેલા અલીન્દ્રા રેલ્વે ક્રોસિંગ નં. 12 પર સમારકામ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. આ કામને કારણે ક્રોસિંગ 17 એપ્રિલ 2026ના રોજ સવારે 7:00 વાગ્યાથી 24 એપ્રિલ 2026ના રોજ સાંજે 7:00 વાગ્યા સુધી રોડ ટ્રાફિક માટે સંપૂર્ણપણે બંધ રહેશે. કુલ 8 દિવસ સુધી ચાલનારા આ કામ દરમિયાન સ્થાનિક વાહનવ્યવહાર અને ઉદ્યોગ ક્ષેત્ર પર અસર પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રેલ્વે વિભાગના જણાવ્યા મુજબ, આ ક્રોસિંગ પર ભારે વાહન વ્યવહારના દબાણને કારણે રસ્તાની સપાટી ઝડપી ખરાબ થઈ રહી હતી, જેના કારણે અકસ્માત અને નાણાકીય નુકસાનની શક્યતા વધી રહી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સમારકામ અને મજબૂતીકરણ કાર્ય જરૂરી બન્યું હતું. આ ક્રોસિંગ મોટાપુરા ગામ, અલીન્દ્રા વિસ્તાર તથા મંજુસર જીઆઈડીસી જેવા ઔદ્યોગિક વિસ્તારોને જોડે છે, જ્યાં રોજિંદા ભારે ટ્રાફિક રહે છે. ક્રોસિંગ બંધ રહેતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. તેથી મુસાફરોને વિકલ્પરૂપે પીલોલ સ્ટેશન અંડરપાસ અને સમલાયા રોડ ઓવરબ્રિજનો ઉપયોગ કરવા રેલ્વે વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે.

લોકોને મુસાફરી પહેલાં યોગ્ય આયોજન કરવાની સલાહ પણ આપવામાં આવી છે.આ ઉપરાંત, તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થાઓ પણ કડક બનાવવામાં આવશે જેથી સમારકામ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને. સ્થાનિક લોકોને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

હોટેલના કર્મચારીઓએ અફરાતફરી વચ્ચે આગ પર કાબુ મેળવી લીધો

# સયાજીગંજની ક્લિક હોટેલના વીજ મીટરમાં શોર્ટ સર્કિટથી આગ



(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી ક્લિક હોટલના વીજ મીટરમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા વાયરો સળગ્યા હતા. ધુમાડા નીકળતા તાત્કાલિક હોટલનો સ્ટાફ દોડી આવ્યો હતો અને ફાયર એક્ટીન્ગ્યુસરની મદદથી આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. વડોદરા સહિત રાજ્યમાં ગરમીના પ્રમાણમાં વધારો થતાં તેની સાથે આગ લાગવાના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ગતરોજ ગોત્રી વિસ્તારમાં આવેલા એટ્રીયા કોમ્પ્લેક્સમાં આગ લાગવાની ઘટના બાદ મોડી રાત્રે એક હોટલના વીજ મીટરોમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં બીબીસી ટાવર પાસે આવેલી ક્લિક હોટલના વીજ મીટરમાં સ્પાર્ક થયા બાદ આગ લાગી હતી.


ધુમાડો નીકળતા હોટલનો સ્ટાફ દોડી આવ્યો હતો અને ફાયર એક્ટીન્ગ્યુસરની મદદથી આગ બુઝાવી દીધી હતી. જ્યારે બનાવની જાણ ફાયર એન્ડ ઈમર્જન્સી એન્ડ કંટ્રોલ વિભાગમાં કરવામાં આવતા બદામડી બાગ ફાયર સ્ટેશનની એક ટીમ સ્થળ પર પહોંચી હતી. જોકે તે પહેલા જ હોટેલના કર્મચારીઓએ આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

**પ્રગતિના માર્ગ ખુલશે** જ્યારે કોઈ પણ ગ્રહ પોતાની સ્વરાશિમાં આવે છે ત્યારે તે અત્યંત બળવાન બનીને શુભ ફળ આપે છે

# 2026માં શુક્રનું 'સ્વગૃહી' ગોચરઃ વૃષભ રાશિમાં પ્રવેશતા જ માલવ્ય રાજયોગનો પ્રારંભ થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.16

જ્યોતિષશાસ્ત્રમાં સુખ, સંપત્તિ, વૈભવ અને પ્રેમનો કારક ગણાતો શુક્ર ગ્રહ વર્ષ 2026માં પોતાની જ રાશિ એટલે કે વૃષભમાં પ્રવેશ કરવા જઈ રહ્યો છે. શુક્રનું આ રાશિ પરિવર્તન અત્યંત મહત્વનું માનવામાં આવે છે કારણ કે જ્યારે કોઈ પણ ગ્રહ પોતાની સ્વરાશિમાં આવે છે ત્યારે તે અત્યંત બળવાન બની શુભ ફળ આપે છે. શુક્રના આ ગોચરથી 'માલવ્ય રાજ્યોગ' જેવી સ્થિતિનું નિર્માણ થશે, જેની સીધી અસર તમામ 12 રાશિઓ પર પડશે, પરંતુ 4 વિશેષ રાશિઓ માટે આ સમય સુવર્ણ સાબિત થશે.



**શુક્ર ના જાપ અને સફેદ વસ્તુ નું દાન શુક્ર મજબૂત કરશે**

"ચમકશે કિસ્મતઃ શુક્ર લાવશે સુખ-સમૃદ્ધિ" વર્ષ 2026નું આ ગોચર માત્ર આર્થિક જ નહીં પણ અંગત જીવનમાં પણ મીઠાશ લાવનારું છે. જો તમારી કુંડળીમાં શુક્ર નબળો હોય, તો આ ગોચર દરમિયાન 'ૐ શુક્રાય નમઃ' મંત્રનો જાપ કરવો અથવા શુક્રવારે સફેદ વસ્તુઓનું દાન કરવાથી વિશેષ લાભ મળી શકે છે. ખાસ કરીને જેમના લગ્ન અટકેલા છે, તેમના માટે પણ શુક્રનો આ પ્રભાવ શુભ સમાચાર લઈને આવશે. "જ્યારે ભોગ-વિલાસનો સ્વામી શુક્ર પોતાની જ પૃથ્વી તત્વની રાશિ વૃષભમાં સ્થિર થાય છે, ત્યારે તે ધરતી પર ભૌતિક સુખની વર્ષા કરે છે. 2026નું આ ગોચર સામાન્ય માનવીના જીવનમાં સ્થિરતા અને સમૃદ્ધિનો નવો અધ્યાય લખશે."

**પ્રદીપ પંડ્યા** પ્રખ્યાત જ્યોતિષ

## આ રાશિઓ માટે ખુલશે પ્રગતિના માર્ગ

**1.વૃષભ:** શુક્રનું ગોચર આ જ રાશિમાં થતું હોવાથી જાતકોના વ્યક્તિત્વમાં નિખાર આવશે. લાંબા સમયથી અટકેલા કાર્યો પૂર્ણ થશે અને આર્થિક સ્થિતિ મજબૂત બનશે. સમાજમાં માન-સન્માન વધશે.

**2.કન્યા:** આ રાશિના જાતકો માટે વિદેશ પ્રવાસના યોગ બની રહ્યા છે. લક્ઝરી પાછળ ખર્ચ થશે પરંતુ આવકના નવા સ્ત્રોત પણ ઉભા થશે. સુખ-સુવિધાઓમાં વધારો થશે.

**3.કુંભ:** ભાગ્યનો પૂરો સાથ મળશે. નોકરીમાં પ્રમોશન અને વેપારમાં મોટો ફાયદો થવાની સંભાવના છે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે.

**4.મીન:** પ્રોપર્ટી કે વાહન ખરીદવાના યોગ છે. રોકાણ કરવા માટે આ શ્રેષ્ઠ સમય સાબિત થશે. જ્યોતિષીઓના મતે, શુક્રના આ ગોચર દરમિયાન કળા, ફેશન, ફિલ્મ જગત અને કોસ્મેટિક વ્યવસાય સાથે જોડાયેલા લોકોને બમણો લાભ મળી શકે છે.

લક્ષ્મીપુરા ટોલનાકા પાસેથી તાલુકા પોલીસે દારૂ ભરેલી કાર ઝડપી

# વાપીથી લવાતા રૂા. 4.76 લાખના વિદેશી દારૂ સાથે બે ઝબ્બે, સપ્લાયર ફરાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા તાલુકા પોલીસ દ્વારા લક્ષ્મીપુરા ગામે એક્સપ્રેસ ટોલનાકા પાસે દરોડો પાડી કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે રૂ.4.76 લાખનિ વિદેશી દારૂ, ગાડી અને મોબાઈલ રૂ. 8.16 લાખના મુદ્દામાલ કબજે કરવા સાથે સપ્લાયરને વોન્ટેડ જાહેર કર્યો છે. વડોદરા નજીક આવેલા લક્ષ્મીપુરા ગામે એક્સપ્રેસ ટોલનાકા પાસે પાદરા તરફ જવાના રસ્તા પર પોલીસે વાહન ચેકીંગની કામગીરી કરી રહી હતી. દરમિયાન એક શંકાસ્પદ કાર અટકાવી તપાસ હાથ ધરી હતી.

કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળ્યો હતો. પોલીસે દારૂ રૂ. 4.76 લાખ, કાર તથા ચાર મોબાઈલ ફોન મળી રૂ. 8.16 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં સુરજ ઓમપ્રકાશ જૈસવાલ અને કિરણ રાજબહાદુર ડાહ્યા (બંન્ને રહે. વાપી)ને ઝડપી પાડવામાં આવ્યા છે. જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર મીતેશ નામના શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે.

## ચૂંટણીને ધ્યાનમાં રાખી પોલીસની દારૂના વેપલા પર તવાઈ, મકરપુરા પોલીસે બે જગ્યા પર રેડ કરી

મકરપુરા વિસ્તારમાં પોલીસે બે અલગ-અલગ સ્થળોએ રેડ કરીને 32 હજારથી વધુનો ઇંગ્લીશ દારૂ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે રાકેશ રવજી ચુડાસમાને ઝડપી પાડી તેની પાસેથી રૂ.16 હજારના ક્વાર્ટરીયા જપ્ત કર્યા હતા. જ્યારે બીજા બનાવમાં જગદીશ વિરા રાઠોડને ઝડપી પાડી તેની પાસેથી પણ 16 હજારના ઇંગ્લીશ દારૂનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.આ કામગીરી દરમિયાન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. શહેરમાં ગેરકાયદેસર દારૂના વેપારને રોકવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને ચેકિંગ વધારવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેવામાં આવશે અને આગળ પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે.